www.kamalamgujarat.com

Monday
09.11.2020

*Volume :5 * Issue No. 85

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્ કમલમ્ વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

### પ્રધાનમંત્રીએ હજીરા ખાતે રો-પેક્સ ટર્મિનલનું ઉદ્‌ઘાટન કર્યું

# ટૂંક સમયમાં ઘોઘા-દહેજ વચ્ચે ફરીથી ફેરી સેવાઓનો પ્રારંભ કરવાની દિશામાં સરકારના પ્રયાસો ચાલુ છે: પ્રધાનમંત્રી

### ગુજરાતના હજીરા અને ઘોઘા વચ્ચે રો-પેક્સ ફેરી સેવાને લીલી ઝંડી બતાવી શુભારંભ કરાવ્યો






## જહાજ મંત્રાલયનું નામ બદલીને બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલય રાખ્યું

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ગુજરાતમાં હજીરા ખાતે નવનિર્મિત રો-પેક્સ ટર્મિનલનું ઉદ્‌ઘાટન કર્યું હતું તેમજ હજીરા અને ઘોઘા વચ્ચે રો-પેક્સ ફેરી સેવાને લીલી ઝંડી બતાવી તેનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે સ્થાનિક વપરાશકર્તાઓ સાથે વાર્તાલાપ પણ કર્યો હતો. તેમણે જહાજ મંત્રાલયનું નામ બદલીને બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલય કર્યું હતું. આ પ્રસંગે બોલતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આજે, ગુજરાતના લોકોને દિવાળીની ભેટ મળી છે. આ બહેતર કનેક્ટિવિટીથી દરેક વ્યક્તિને લાભ થશે. તેમણે ઉમેર્યું હતું કે, આનાથી વ્યવસાયને વેગ મળશે અને કનેક્ટિવિટી વધુ ઝડપી થશે. તેમણે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે, હજીરા અને ઘોઘા વચ્ચે રો-પેક્સ સેવાથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના લોકોનું સપનું સાકાર થયું છે કારણ કે આ સેવાથી બંને વચ્ચેનું મુસાફરીનું અંતર હાલમાં ૧૦-૧૨ કલાકનું છે તેમાંથી ઘટીને ૩-૪ કલાક થઈ જશે. તેમણે કહ્યું હતું કે, આનાથી સમયની બચત થશે અને નાણાં ખર્ચમાં પણ ઘટાડો આવશે. તેમણે કહ્યું હતું કે, આખા વર્ષ દરમિયાન અંદાજે ૮૦૦૦૦ મુસાફર વાહનો અને ૩૦૦૦૦ ટ્રકો આ નવી સેવાથી લાભ મેળવી શકશે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને સુરત વચ્ચે બહેતર કનેક્ટિવિટીથી આ પ્રદેશોના લોકોના જીવનમાં પણ પરિવર્તન આવવા જઈ રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, હવે ફળો, શાકભાજી અને દૂધની હેરફેર સરળતાથી થઈ શકશે અને આ સેવાના કારણે પ્રદૂષણમાં પણ ઘટાડો થશે. તેમણે સંખ્યાબંધ પડકારો વચ્ચે પણ આ સુવિધા વિકસાવવા માટે હિંમતપૂર્વક કામગીરી કરનારા તમામ એન્જિનિયરો, કામદારોનો આભાર વ્યક્ત કર્યો હતો. ભાવનગર અને સુરત વચ્ચે સ્થાપવામાં આવેલી આ નવી સમુદ્રી કનેક્ટિવિટી બદલ તેમણે લોકોને શુભેચ્છા પાઠવી હતી. પ્રધાનમંત્રીએ છેલ્લા બે દાયકામાં ગુજરાતે જે પ્રકારે પોતાની સમુદ્રી સંભાવનાઓને સાર્થક કરી છે અને બંદરો આધારિત વિકાસને પ્રાથમિકતા આપી છે તેની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, પ્રત્યેક ગુજરાતીઓ માટે આ ગૌરવની વાત છે. તેમણે રાજ્યમાં સમુદ્રી સંભાવનાઓનો વિકાસ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલ જેમ કે, જહાજ નિર્માણ નીતિનો મુસદ્દો ઘડવો, જહાજ નિર્માણ પાર્ક અને વિશેષીકૃત ટર્મિનલોનું બાંધકામ, વહાણો ટ્રાફિક વ્યવસ્થાપન પ્રણાલીને પ્રોત્સાહન અને ગ્રાઉન્ડ બ્રેકિંગ કનેક્ટિવિટી પરિયોજના વગેરેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ બધી પહેલો સાથે બંદર ક્ષેત્રને નવી દિશા પ્રાપ્ત થઈ છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, ભૌતિક માળખાકીય વિકાસ ઉપરાંત, સમગ્ર દરિયાકાંઠાની ઈકોસિસ્ટમને આધુનિક કરવાના ઉદ્દેશ સાથે આ પ્રયાસો કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતુ કે, ગુજરાતમાં દરિયાકાંઠા વિસ્તારોમાં તમામ પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસના કાર્યો સુનિશ્ચિત કરવા માટે સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસોના પરિણામે આજે ગુજરાત સમૃદ્ધિનું પ્રવેશદ્વાર બની ગયું છે. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા બે દાયકામાં, ગુજરાતમાં પરંપરાગત બંદર પરિચાલનમાંથી એકીકૃત

## છેલ્લા બે દાયકામાં ગુજરાતે પોતાની સમુદ્રી વેપારની સંભાવનાઓ વધારી છે: પ્રધાનમંત્રી

બંદરો માટે એક અનન્ય મોડલ વિકસ્યું છે અને આજે તેમણે એક સીમાચિહ્નરૂપ વિકાસ કર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પ્રયાસોના પરિણામે ગુજરાતના બંદરો સમગ્ર દેશમાં મુખ્ય સમુદ્રી કેન્દ્રો તરીકે ઉભરી આવ્યા છે. ગત વર્ષે, દેશના કુલ સમુદ્રી વેપારમાંથી ૪૦ ટકા હિસ્સો ગુજરાતના બંદરોનો રહ્યો હતો. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, આજે ગુજરાતમાં સમુદ્રી વ્યવસાય સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્ષમતા નિર્માણ પૂર્ણ જોશ સાથે આગળ વધી રહ્યાં છે. ગુજરાતમાં સંખ્યાબંધ સુવિધાઓ જેમકે ગુજરાત મેરિટાઈમ ક્લસ્ટર, ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી અને ભાવનગર ખાતે દેશનું સૌથી પહેલું ઞ્દ્રર ટર્મિનલ વગેરે તૈયાર થઈ રહ્યાં છે. ગિફ્ટ સિટીમાં તૈયાર થનારા ગુજરાત મેરિટાઈમ ક્લસ્ટર પોર્ટ્સ સમુદ્ર આધારિત હેરફેરના કાર્યો માટે એક સમર્પિત પ્રણાલી રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, આ ક્લસ્ટરોથી સરકાર, ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સંકલન વધુ મજબૂત કરવામાં મદદ મળશે અને તેનાથી આ ક્ષેત્રમાં મૂલ્યવર્ધનમાં પણ મદદ મળી રહેશે. પ્રધાનમંત્રીએ આગળ ઉમેર્યું હતું કે, તાજેતરના ભૂતકાળામાં ભારતનું પ્રથમ કેમિકલ ટર્મિનલ દહેજમાં સ્થાપવામાં આવ્યું હતું. ભારતનું પ્રથમ ન્દ્રર ટર્મિનલ સ્થાપવામાં આવ્યું હતું અને હવે ભારતનું પ્રથમ ઞ્દ્રર ટર્મનિલ ગુજરાતના ભાવનગર બંદર ખાતે સ્થાપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, ભાવનગર બંદર ખાતે રો-પેક્સ ટર્મિનલ, પ્રવાહી માલ-સામાન ટર્મિનલ અને નવા કન્ટેઈનર ટર્મિનલ જેવી સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે, આ નવા ટર્મિનલો ઉમેરાવાથી ભાવનગર બંદરની ક્ષમતામાં અનેકગણો વધારો થશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, સરકાર ટૂંક સમયમાં જ ઘોઘા અને દહેજ વચ્ચે ફેરી સેવા ફરીથી શરૂ કરવા માટે પ્રયાસો કરી રહી છે. તેમણે કહ્યું કે, આ પરિયોજનામાં સંખ્યાબંધ કુદરતી પડકારો આવ્યા છે અને અદ્યતન ટેકનોલોજીથી આ પડકારોને દૂર કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી સમુદ્રી વેપાર માટે તૈયાર એવા તાલીમબદ્ધ માણસો અને નિષ્ણાતો મેળવવા માટેનું એક મોટું કેન્દ્ર છે. આજે, આ યુનિવર્સિટી સમુદ્રી કાયદા અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર કાયદા શીખવા માટે તેમજ સમુદ્રી વ્યવસ્થાપન, શિપિંગ અને લોજિસ્ટિક્સમાં સ્મ્છનો અભ્યાસ કરવા માટે તક પૂરી પાડે છે. તેમણે કહ્યું હતું કે, આ યુનિવર્સિટી ઉપરાંત, લોથલ ખાતે દેશના પ્રથમ મેરિટાઈમ હેરિટેજના સંરક્ષણ માટે રાષ્ટ્રીય સંગ્રહાલયના નિર્માણની કામગીરી પણ ચાલી રહી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આજની રો-પેક્સ ફેરી સેવા અને થોડા દિવસ પહેલાં શરૂ કરવામાં આવેલી સી-પ્લેન સેવાના કારણે જળ સંસાધન આધારિત અર્થતંત્રને ખૂબ જ વેગ મળી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં, દેશમાં બ્લ્યૂ ઈકોનોમીને મજબૂત કરવા માટે પણ ગંભીર રીતે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તેમણે છેલ્લા કેટલાક વર્ષોમાં માછીમારોને મદદરૂપ થવા માટેની ઈકોસિસ્ટમ્સ અને સંખ્યાબંધ યોજનાઓ ગણાવી હતી જેમાં હવામાન અને સમુદ્રી માર્ગો અંગે સચોટ માહિતી માટે આધુનિક ટ્રોલર્સ અથવા નેવિગેશન સિસ્ટમ વસાવવા માટે માછીમારોને આર્થિક સહાય જેવી યોજનાઓનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. તેમણે ખાતરી આપી હતી કે, માછીમારોની સલામતી અને સમૃદ્ધિનો મુદ્દો સરકારની પ્રાથમિકતાએ છે. તેમણે ઉમેર્યું હતું કે, તાજેતરમાં શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાથી પણ માછલીઓ સંબંધિત વેપારને પ્રોત્સાહન મળી રહ્યું છે. આ યોજના અંતર્ગત, આગામી વર્ષોમાં મસ્ત્યપાલન સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે ૨૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આજે, સમગ્ર રાષ્ટ્રમાં બંદરોની ક્ષમતામાં વૃદ્ધિ થઈ છે અને નવા બંદરોનું બાંધકામ પણ ખૂબ જ ઝડપી ગતિએ કરવામાં આવી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, દેશના વિકાસને આગળ ધપાવવા માટે દેશમાં અંદાજે ૨૧૦૦૦ કિમીના જળમાર્ગનો મહત્તમ ઉપયોગ કરવા માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આજે, સાગરમાલા પરિયોજના અંતર્ગત સમગ્ર દેશમાં ૫૦૦થી વધારે પરિયોજનાઓ પર કામ ચાલી રહ્યું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જળમાર્ગો દ્વારા પરિવહન માર્ગો અને રેલવે દ્વારા થતા પરિવહનની સરખામણીએ અનેક ગણું સસ્તું થાય છે અને પર્યાવરણને થતા નુકસાનમાં પણ ઘટાડો થાય છે. છતાં, આ દિશામાં સર્વાંગી અભિગમ સાથે માત્ર ૨૦૧૪ પછી જ કાર્ય કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, આજે સમગ્ર દેશમાં જમીન પ્રદેશની વચ્ચે નદીઓમાં આવેલા જળમાર્ગો પર કામ ચાલી રહ્યું છે જેથી ચારે બાજુ જમીનથી ઘેરાયેલા રાજ્યોને સમુદ્ર સાથે જોડી શકાય. તેમણે કહ્યું હતું કે, આજે બંગાળની ખાડીમાં અમે હિન્દ મહાસાગરમાં આપણી ક્ષમતાઓને અભૂતપૂર્વ રીતે વધારી રહ્યાં છીએ. દેશનો સમુદ્રી હિસ્સો આત્મનિર્ભર ભારતના મહત્વપૂર્ણ હિસ્સા તરીકે ઉભરી આવ્યો છે. પ્રધાનમંત્રીએ આ પ્રસંગે જહાજ મંત્રાલયનું નામ બદલીને બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલય રાખ્યું છે. તેમણે કહ્યું હતું કે, મોટાભાગના વિકસિત દેશોમાં જહાજ મંત્રાલય દ્વારા બંદરો અને જળમાર્ગોનું સંચાલન કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, હવે આ નામમાં જ સ્પષ્ટતા સાથે, કામમાં પણ વધુ સ્પષ્ટતા આવી શકશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આત્મનિર્ભર ભારતમાં બ્લ્યૂ ઈકોનોમિના હિસ્સાને પ્રબળ બનાવવા માટે સમુદ્રી હેરફેરની કામગીરી વધુ મજબૂત બનાવવાની પણ ઘણી મોટી જરૂરિયાત છે. તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે, આજે દેશમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ સામાનની હેરફેર પાછળ લાગતો ખર્ચ અન્ય દેશોની સરખામણીએ વધારે છે. તેમણે સૂચન કર્યું હતું કે, જળ પરિવહનનો ઉપયોગ કરીને માલની હેરફેરમાં થતા ખર્ચમાં ઘટાડો લાવી શકાય છે. આથી, તેમણે કહ્યું કે, આપણે એવી ઈકોસિસ્ટમના સર્જન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેમાં કોઈપણ અવરોધ વગર માલસામાનની હેરફેર થઈ શકે. તેમણે ઉમેર્યું હતું કે, દેશ હવે માલસામાનની હેરફેરનો ખર્ચ ઘટાડવા માટે મલ્ટમોડલ કનેક્ટિવિટીની દિશામાં ઝડપી ડગલે આગળ વધી રહ્યો છે અને માર્ગો, રેલવે, વાયુ તેમજ શિપિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વચ્ચે કનેક્ટિવિટીમાં સુધારો લાવવા માટે તેમજ અંતરાયોમાંથી બહાર આવવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. તેમણે કહ્યું હતું કે, દેશમાં મલ્ટીમોડલ લોજિસ્ટિક્સ પાર્ક્સનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આપણા પડોશી રાષ્ટ્રો સાથે પણ મલ્ટીમોડલ કનેક્ટિવિટીનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, આ પ્રયાસોથી દેશમાં માલની હેરફેરમાં લાગતા ખર્ચમાં ઘટાડો કરી શકાશે અને તેનાથી દેશના અર્થતંત્રને પણ ઘણો વેગ મળશે. પ્રધાનમંત્રીએ લોકોને તહેવારોની આ મોસમ દરમિયાન વોકલ ફોર લોકલ થવા માટે પણ અનુરોધ કર્યો હતો. તેમણે આગ્રહપૂર્વક કહ્યું હતું કે, લોકો નાના વેપારીઓ, નાના કારીગરો અને ગ્રામીણ સમુદાયો પાસેથી પોતાની જરૂરિયાતની ચીજોની ખરીદી કરે. તેમણે કહ્યું હતું કે, આ પ્રયાસોથી દિવાળી દરમિયાન ગ્રામીણ કારીગરોના ઘરમાં પણ દીવડાનો ઉજાસ ફેલાશે.

## પ્રધાનમંત્રીએ અમેરિકાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતવા બદલ જો બાઈડેનને અભિનંદન આપ્યા



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતવા બદલ જો બાઈડેનને અભિનંદન પાઠવ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "જો બાઈડેન, તમારી અદભૂત જીત બદલ અભિનંદન! ઉપરાષ્ટ્રપતિ તરીકે ભારત-અમેરિકા સંબંધોને મજબૂત બનાવવામાં તમારું યોગદાન મહત્વપૂર્ણ અને અમૂલ્ય હતું. ભારત-અમેરિકા સંબંધોને વધુ ઉંચાઈ પર લઈ જવા માટે હું ફરીવાર એક સાથે મળીને કામ કરવા ઈચ્છું છું."

## પ્રધાનમંત્રીએ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા કમલા હેરિસને અભિનંદન આપ્યા





કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા કમલા હેરિસને અભિનંદન પાઠવ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે "હાર્દિક અભિનંદન કમલા હેરિસ! તમારી સફળતા અભૂતપૂર્વ છે અને ફક્ત તમારા પરિવારજનો માટે જ નહીં, પરંતુ તમામ ભારતીય-અમેરિકનો માટે પણ તે ગૌરવપૂર્ણ બાબત છે. મને વિશ્વાસ છે કે તમારા સમર્થન અને નેતૃત્વથી સશક્ત ભારત-અમેરિકા સંબંધો વધુ મજબૂત બનશે."

## ભારત-ચીન કોર્પ્સ કમાન્ડર કક્ષાની બેઠકનો ૮ મો રાઉન્ડ



કમલમ દૈનિક,

ભારત અને ચીન વચ્ચે ૬ નવેમ્બરે ચૂશુલમાં કોર્પ્સ કમાન્ડર કક્ષાની ૮મા રાઉન્ડની બેઠક મળી હતી. ભારત-ચીન પશ્ચિમી ક્ષેત્રના સરહદ વિસ્તારોમાં વાસ્તવિક નિયંત્રણ રેખાની આસપાસ મતભેદ અને ખોટી ગણતરીના મુદ્દે બંને પક્ષોએ સ્પષ્ટ, સંપૂર્ણ અને સકારાત્મક વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. બંને પક્ષો બંને દેશોના નેતાઓ દ્વારા સ્થાપિત મહત્વની સર્વસંમતિને ઝડપથી અમલમાં મૂકવા, તેમના અગ્રણી સૈન્ય દ્વારા મધ્યસ્થતાની ખાતરી કરવા અને ગેરસમજો દૂર કરવા સંમત થયા. બંને પક્ષો લશ્કરી અને રાજદ્વારી ચેનલો દ્વારા સંવાદ અને સંદેશાવ્યવહાર જાળવવા અને બાકીના મુદ્દાઓના સમાધાન પર ભાર મૂકતા આ બેઠકની ચર્ચાઓને આગળ વધારવા સંમત થયા, જેથી સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ સંયુક્ત રીતે જાળવી શકાય. બંને પક્ષોએ ટૂંક સમયમાં બેઠકનો આગામી રાઉન્ડ યોજવાની સંમતિ પણ આપી હતી.

## વેરાવળ ખાતે જી.એફ.સી.સી.એ.ની કચેરીનું ખાતમુર્હુત કરતા પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા

### અંદાજીત રૂ. ૬૬ લાખના ખર્ચે બે માળની કચેરી બનાવવામાં આવશે

















કમલમ દૈનિક, ગીર-સોમનાથ

પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડાના હસ્તે વેરાવળ ખાતે જી.એફ.સી.સી.એ.ની કચેરીનુંખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રી પરષોત્તમભાઈ સોલંકી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં જી.એફ.સી.સી.એ.ની નવી કચેરીનું ભૂમિ પૂજન કર્યા બાદ પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અંદાજીત રૂ. ૬૬ લાખના ખર્ચે ભીડીયા ખાતે જી.એફ.સી.સી.એ.ની નવી બે માળની કચેરી બનાવવામાં આવશે. જેમાં જન સંપર્ક કાર્યાલય, ડિરેક્ટરશ્રીની ઓફિસ સહિતની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી જશાભાઈ બારડ, પૂર્વ રાજ્ય બીજ નિગમના ચેરમેનશ્રી રાજશીભાઈ જોટવા, અગ્રણીશ્રી ઝવેરીભાઈ ઠકરાર, નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી મંજુલાબેન સુયાણી, જી.એફ.સી.સી.એ.ના સેક્રેટરી નલીનભાઈ ઉપાધ્યાય, મેનેજર બી.ટી.જોધા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

ખેલ મંત્રાલય દ્વારા છ ખેલો ઈન્ડિયા રાજય ઉત્કૃષ્ટતા કેન્દ્રો (KISCE)ને માન્યતા આપવામાં આવી છે અને તેને હવે વર્ષ ૨૦૨૦-૨૧ અને તે પછીના ચાર વર્ષ માટે ફાળવવામાં આવેલા અંદાજે રૂપિયા ૬૭.૩૨ કરોડના કુલ બજેટમાંથી અપગ્રેડ કરવામાં આવશે. ઓલિમ્પિક સ્તરના ખેલાડીઓને ઓળખીને તેમના કૌશલ્યમાં વધારો કરવાના પ્રયાસરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો છે. દરેક રાજ્યોમાં પસંદ કરવામાં આવેલા કેન્દ્રો અને તેમના માટે મંજૂર કરવામાં આવેલી આર્થિક સહાયની વિગતો નીચે પ્રમાણે છે:

આસામ: સ્ટેટ્સ સ્પોર્ટ્સ એકેડેમી, સારુસજાઇ – રૂ. ૭.૯૬ કરોડ
મેઘાલય: જે એન એસ કોમ્પલેક્સ, શિલોંગ, મેઘાલય – રૂ. ૮.૩૯ કરોડ
દમણ અને દીવ: ન્યૂ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, સિલ્વાસા – રૂ. ૮.૦૫ કરોડ
મધ્યપ્રદેશ: એમ પી સ્ટેટ એકેડેમી – રૂ. ૧૯ કરોડ
મહારાષ્ટ્ર: શ્રી શિવાજી છત્રપતિ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, બાલેવડી, પૂણે – રૂ. ૧૬ કરોડ
સિક્કિમ: પાલજોર સ્ટેડિયમ, ગંગટોક – રૂ. ૭.૯૧ કરોડ

આ પહેલ અંગે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી કિરણ રિજીજુએ જણાવ્યું હતું કે, "સમગ્ર દેશમાં રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટતા માટે કેન્દ્રોનું સર્જન એ ભારતને ઓલિમ્પિકસ ૨૦૨૮માં ટોચના ૧૦ દેશોમાં સ્થાન અપાવવાની અમારી દૂરંદેશીના ભાગરૂપે છે. જ્યાં સુધી આપણે વિશ્વ સ્તરીય વિશેષ તાલીમ પૂરી ના પાડીએ ત્યાં સુધી, આપણે એથેલેટ્સ ઓલિમ્પિક્સમાં સિદ્ધિ હાંસલ કરશે તેવી અપેક્ષા ના કરી શકીએ. આ પ્રત્યેક કેન્દ્રોમાં ચોક્કસ રમતગમતની શાખાઓમાં વિશ્વ સ્તરીય તાલીમ આપવામાં આવશે અને દેશમાં એવી મુખ્ય સુવિધાઓ બની જશે જ્યાં ટોચના એથલેટ્સ જે-તે રમતોમાં તાલીમ પૂરી પાડશે. મને ઘણી ખુશી છે કે, પ્રત્યેક રાજ્યએ ખૂબ જ સકારાત્મકતા અને ઉત્સાહ સાથે આ કેન્દ્રો માટે સહકાર આપ્યો છે." આ કેન્દ્રોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન, રમત વિજ્ઞાન કેન્દ્રોનું નિર્માણ દ્વારા સહકાર આપવામાં આવશે અને ગુણવત્તાપૂર્ણ કોચ તેમજ રમત વિજ્ઞાન માનવ સંસાધનો જેમ કે, ફિઝિયોથેરાપિસ્ટ, સ્ટ્રેન્થ એન્ડ કંડિશનિંગ નિષ્ણાતો અને તેવી અન્ય પ્રકારની મદદ પણ કરવામાં આવશે. ખેલાડીઓને ઉચ્ચ ગુણવત્તાના ઉપકરણો પૂરા પાડવામાં આવશે. એકેડેમી પાસે ઉચ્ચ કામગીરી આપતા મેનેજર પણ ઉપલબ્ધ રહેશે જેથી રમત વિજ્ઞાન ઈનપુટની ગુણવત્તા અને કામગીરી વ્યવસ્થાપન સુનિશ્ચિત થઈ શકે. ખેલ મંત્રાલય દ્વારા દરેક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે ભાગીદારી દ્વારા વર્તમાન રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અપગ્રેડેશન અને ઢ્રેંજીઝઈના સર્જનનું કામ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર દેશમાં રમતગમત માટે એક મજબૂત ઈકોસિસ્ટમ ઉભી કરવાના આશય સાથે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. પ્રત્યેક ઢ્રેંજીઝઈને ૧૪ ઓલિમ્પિક રમતોમાં વિશેષ રમત અનુસાર સહકાર આપવામાં આવશે જેમાંથી એક રાજ્ય અથવા કેન્દ્ર શાસિત પ્રદેશને મહત્તમ ત્રણ રમતો માટે સહકાર આપવામાં આવશે.

### પ્રથમ તબક્કામાં ૫૦ વિદ્યાર્થીઓને કીટ આપવામાં આવી

# અમદાવાદ સાંસદ શ્રી ડો. કિરીટભાઈ સોલંકી અને ઈન્ડિયન ઓઈલ ગુજરાત રિફાઈનરીના આર્થિક સહયોગથી SC/ST/OBC ના ૨૦૦૦ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ વિતરણ કરવામાં આવશે

### સરકારનો મક્કમ નિર્ધાર કોઈપણ બાળક શિક્ષણ થી વંચિત ન રહેવું જોઈએ. સાંસદ શ્રી ડો. કિરીટભાઈ સોલંકી






કમલમ દૈનિક,

અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદ શ્રી ડો. કિરીટભાઈ સોલંકીના સંનિષ્ઠ પ્રયત્નો અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ ગુજરાત રિફાઈનરીના આર્થિક સહયોગથી શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે SC/ST/OBC અને ગરીબ વર્ગના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ તથા સ્ટેશનરી વિતરણ કરવાનો કાર્યક્રમ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખાતે આજ રોજ યોજવામાં આવ્યો હતો. કોરોના અને સોશિયલ ડિસ્ટસિંગને ધ્યાનમાં રાખીને પ્રથમ તબક્કાના ભાગરૂપે વાલીઓની હાજરીમાં ૫૦ બાળકોને સ્કૂલ બેગ તથા સ્ટેશનરીનું વિતરણ અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદ શ્રી ડો. કિરીટભાઈ સોલંકીના કરકમલો દ્વારા કરવામાં આવ્યું ભારત સરકારનો મક્ક્મ ધ્યેય છે કે કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહેવું જોઈએ તેમ જણાવતા સાંસદ શ્રી ડો. કિરીટભાઈ સોલંકીએ કહ્યું કે ગરીબ અને SC/ST/OBC સમાજમાંથી આવતા બાળકોને શિક્ષણ સાથે એને સંલ્ગ્ન વસ્તુઓ પણ જો મળી રહે તો તેમના અભ્યાસમાં ઘણી સરળતા રહે તે માટે IOCIના સહયોગથી આજે પ્રથમ તબક્કામાં ૫૦ બાળકોને અહિ વાલીગણ સાથે ઉપસ્થિત રાખીને સ્કૂલ બેગ અને અન્ય સ્ટેશનરી આપવામાં આવી છે. શહેરનાં બાકી રહેલા વિદ્યાર્થીઓને સ્કુલ બેગ અમદાવાદ નગર શિક્ષણ સમિતિ દ્વારા બાળકોને પહોંચતી કરવામાં આવશે.એમ સાંસદ શ્રી એ જણાવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રીમતી બિજલબેન પટેલ, શ્રી એસ. એસ. લામ્બા ED IOCIગુજરાત, શ્રી સુધીર કુમાર ED- ગુજરાત રીફાઈનરી, શ્રી એલ. ડી.દેસાઈ શાશનાધિકારી સ્કુલ બોર્ડ છસ્ઝ, શ્રી ધીરેંદ્રસિંહ તોમર ચેરમેન સ્કુલ બોર્ડ AMC અને વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# આત્મા પ્રોજેક્ટ ભાવનગર અને સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ જન આંદોલન સમિતિ ભાવનગર દ્વારા સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી વર્ગ યોજાયો

### વધુમાં વધુ લોકો પ્રાકૃતિક ખેતી તરફ વળી આત્મનિર્ભર બને – ડી.ડી.ઓ. શ્રી વરૂણકુમાર બરનવાલ




કમલમ દૈનિક, ભાવનગર

આત્મા પ્રોજેક્ટ ભાવનગર અને સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ જન આંદોલન સમિતિ ભાવનગર દ્વારા સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી વર્ગ યોજાયો હતો. જેનો મુખ્ય હેતુ દરેક ખેડૂત રાસાયણિક ખાતર અને જંતુનાશક દવા મુક્ત ખેતી કરે, ખેડૂત સમૃદ્ધ અને આત્મ નિર્ભર બને, સમગ્ર રાર્ષ્ટ્ર રોગ મુક્ત બને. આ વર્ગ તા.૦૭-૧૧-૨૦૨૦ના રોજ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ડેમ, તા. પાલીતાણા ખાતે આયોજન કરાયું હતુ. આ કાર્યક્રમ અધ્યક્ષ શ્રી જિલ્લા વિકાસ અધિકારી શ્રી વરૂણકુમાર બરાનવલ, પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા ભાવનગર શ્રી બી.આર.બાલદાણીયા, જૅહક ગુજરાત પ્રચારક રોહિતભાઈ ગોટી, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેકર આત્મા ભાવનગર શ્રી અજીતસિંહ ગોહિલ અને જૅહક જિલ્લા સંયોજકો અને તાલુકા સંયોજકો હાજર રહેલ અને અધ્યક્ષશ્રી દ્વારા સન્માનિત કરાયા હતા. જિલ્લા વિકાસ અધિકારી શ્રી વરૂણકુમાર બરનવાલ દ્વારા જિલ્લામાં વધુમાં વધુ લોકો જૅહક કરી આવક બમણી કરી આત્મા નિર્ભર બને અને યુવાનો વધુમાં વધુ આ ખેતીમાં જોડાય તેવી હિમાયત કરી અને જિલ્લામાં જૅહક નો કૅ બને તેવી આશા વ્યકત કરી હતી. ત્યાર બાદ પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા શ્રી બી.આર.બાલદાણીયા દ્વારા જંતુનાશકો અને રાસાયણિક ખેતીની આડ અસર અને ગાયનું મહત્વ સમજાવી સારા જૅહક મોડેલ ફાર્મ નિર્માણ અંગે ખેડુતોને જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત જુદા-જુદા ખેડૂતો દ્વારા જૅહક મોડેલ ફાર્મની સર્ચા કરવામાં આવી જેમાં ખાસ નરસંગભાઈ મોરી દ્વારા સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. ખેડૂત પ્રાકૃતિક ખેતી કરતા થાય અને સંપૂર્ણ જૅહક મોડેલ ફાર્મ નિર્માણ થાય અને એ જોવા માટે દેશ - વિદેશ માંથી જોવા આવે તેવા ફાર્મ નિર્માણ થાય તે માટે પ્રાકૃતિક ખેતી પ્રશિક્ષણ વર્ગમા જૅહક મોડેલ અને માર્કેટિંગની સમજૂતી આપવામા આવી હતી.

### રાજકોટની વિધિનો વિક્રમ

# કોરોનાના કપરા સમયમાં ત્રણ – ત્રણ વખત પ્લાઝમા ડોનેશન કરવાનું ગૌરવ પ્રાપ્ત કરતી રાજકોટની વિધિ ખોયાણી






જુડો, રેસલિંગ અને બોક્સિંગના ગોલ્ડ મેડલીસ્ટ એવા સ્પોર્ટ્સ ટીચર વિધિ ખોયાણી કહે છે, "શ્રમદાન કે આર્થિક યોગદાનથી કદાચ લોકોને મદદરૂપ બનીન શકીએ પણ પ્લાઝમાનું દાન આપીને અન્યોની જિંદગી જરૂર બચાવી શકીએ છીએ

કમલમ દૈનિક,

કહેવાય છે કે શુધ્ધ ભાવના સાથે કરેલા કાર્યનું પરિણામ હંમેશા સારૂં જ મળતું હોય છે, અને એ પરિણામ વ્યક્તિને ગૌરવ પણ અપાવતું હોય છે. કોરોનાની મહામારીના સમયમાં આવું જ ગૌરવ રાજકોટના સ્પોટર્સ ટીચર અને જુડો, રેસલિંગ તેમજ બોક્સિંગ જેવી રમતોમાં રાજયકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવી ચૂકેલા વિધિ ખોયાણીને પ્રાપ્ત થયું છે. વિધિએ માત્ર રમત - ગમત ક્ષેત્રે જ પોતાનું નામ અંકિત નથી કર્યું, પરંતુ તેની સાથો - સાથ ત્રણ - ત્રણ વખત પ્લાઝમાનું દાન કરી માનવતાના ઉત્તમ ઉદાહરણરૂપ કાર્ય દ્વારા રાજકોટની સતત ત્રણ વાર પ્લાઝમા દાન કરનાર મહિલા તરીકેનું ગૌરવ પણ પ્રાપ્ત કર્યું છે. જુડો, રેસલિંગ અને બોક્સિંગમાં સ્ટેટ તેમજ જુડોમા નેશનલ રમી ચુકેલી વિધિ મજબૂત મનોબળ ધરાવતી સ્પોટર્સ ટીચર છે. સ્કૂલ સમયથી જ ચેમ્પિયન રહેલીવિધિ બાળકોને ખડતલ બનાવવાનું કામ કરે છે. કોરોના કપરા સમયમાં એક યા બીજી રીતે લોકોને મદદરૂપ બનવાની ભાવના વ્યકત કરતાં વિધિ જણાવે છે કે, આપણે શ્રમદાન કે આર્થિક યોગદાનથી કદાચ લોકોને મદદરૂપ બની ન શકીએ પણ પ્લાઝમાનું દાન આપીને તો અન્યોની જિંદગી જરૂર બચાવી શકીએ છીએ. સ્કૂલ અને કોલેજકાળમાં જુડોમાં યુનિવર્સટી ફર્સ્ટ રેક ધરાવતી વિધિ કોરોના સમયમાં પણ રમતગમતમાં સતત વ્યસ્ત રહી ઓનલાઈન ક્લાસીસ ચલાવી બાળકોને ચુસ્ત રાખવાની ભૂમિકા ભજવી રહી છે.૧૧મી ઓગસ્ટના વિધિને કોરોના પોઝિટિવ આવતા તેણે ૧૪ દિવસ હોમ કોરેન્ટાઈન રહીને જ કોરોનાને પટકાવી દીધો હતો. એ સમયે જ તેણે દ્રઢ નિર્ધાર કર્યો હતો કે, મારે પ્લાઝમા દાન કરવું છે, અને તેના નિર્ધારને મૂર્ત સ્વરૂપ આપવા તેણે ૨૮ દિવસ બાદ પ્રથમ વખત તા.૪ ઓક્ટોબરના રોજ પ્લાઝમા ડોનેટ કર્યું ત્યારે થોડી આશંકા હતી કે નબળાઈ આવી જશે, પરંતુ તેવું કઈ બન્યું નહીં. પોઝિટિવ બ્લડ ગ્રુપ ધરાવતી વિધિને ત્યારબાદ એટલો વિશ્વાસ આવી ગયો કે તેણે સતત ત્રણ વખત પ્લાઝમા ડોનેટ કર્યું એટલું જ નહી મહિલાઓમાં પ્લાઝમાનું સર્વાધિક દાન આપી અનેકજિંદગી બચાવવામાં નિમિત્ત બનવાનું ગૌરવ પણ તેને પ્રાપ્ત થયું છે. શારીરિક શિક્ષણ માસ્ટરડિગ્રીમાં પણ ગોલ્ડ મેડલ અને ડોકટરેટની પદવી ધારકરાજકોટની વિધિપ્રથમ મહિલા છે કે જેઓએ સતત ત્રણ વખત પ્લાઝમા આપી ચુકી હોવાનું ડો. કૃપાલ જણાવે છે. ૧૫ દિવસ થતા તેણી સામેથી જ ફોન કરી પ્લાઝમા ડોનેશન કરવા માટે હંમેશા તૈયાર હોઈ છે.

# ૧ લી જાન્યુઆરી–૨૦૨૧ના રોજ ૧૮ વર્ષ પુરા થતાં હોય તેવા તમામ યુવાનોને મતદારયાદીમાં નામ નોંધાવવા કલેક્ટરશ્રીની અપીલ

### મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત પાલનપુર ખાતે કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ




કમલમ દૈનિક,

ભારતના ચૂંટણીપંચ ધ્વારા તા.૧-૧-૨૦૨૧ લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ-૨૦૨૧ જાહેર કરવામાં આવ્યો છે ત્યારે તા. ૧ લી જાન્યુઆરી-૨૦૨૧ના રોજ ૧૮ વર્ષ પુરા થતાં હોય તેવા તમામ યુવક-યુવતિઓને મતદારયાદીમાં નામ નોંધાવવા બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આનંદ પટેલે અપીલ કરી છે. મતદારયાદી ખાસ સંક્ષિપ્તધ સુધારણા કાર્યક્રમ અંતર્ગત પાલનપુર કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની બેઠકમાં કલેકટરશ્રીએ જણાવ્યું કે, ચૂંટણીપંચ દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ તા. ૨૨ અને૨૯ નવેમ્બર-૨૦૨૦ તથા તા. ૦૬ અને૧૩ ડિસેમ્બર-૨૦૨૦ના રવિવારના દિવસો એ ખાસ ઝુંબેશ યોજાશે. આ ઝુંબેશના દિવસોએ બી. એલ. ઓ. (બુથ લેવલ ઓફિસર) બુથ પર હાજર રહી મતદારયાદીમાં નામ નોંધણી માટેની કામગીરી કરશે. મતદારયાદી ખાસ સંક્ષિપ્તં સુધારણા કાર્યક્રમ આ પ્રમાણે છે. સંકલિત મતદારયાદીના મુસદાની પ્રસિધ્ધિ તા.૦૯/૧૧/૨૦૨૦, સોમવારના રોજ કરવામાં આવશે. હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા.૦૯/૧૧/૨૦૨૦, સોમવાર થી તા. ૧૫/૧૨/૨૦૨૦,મંગળવાર સુધી રહેશે. તા. ૨૨ અને૨૯ નવેમ્બર-૨૦૨૦ તથા તા. ૦૬ અને૧૩ ડિસેમ્બર-૨૦૨૦ના રવિવારના દિવસો એ ખાસ ઝુંબેશ યોજાશે. હક્ક-દાવા અને વાંધા અરજીઓનો નિકાલ તા.૦૫/૦૧/૨૦૨૧, મંગળવાર સુધીમાં કરાશે. મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ તા.૧૫/૦૧/૨૦૨૧, શુક્રવારના રોજ કરાશે. બેઠકમાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સર્વશ્રી રાજુભાઈ ડાભી, શ્રી ચેનજીભાઈ દેલવાડીયા, આસી. કલેકટરશ્રી પ્રશાંત ઝીલોવા, નિવાસી અધિક કલેકટરશ્રી એ.ટી.પટેલ, ઈ.ચા. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીમતી મનીષાબેન મનાત, પ્રાંત અધિકારીઓ સર્વશ્રી એસ.ડી.ગિલવા, શ્રી યોગેશ ઠક્કર, શ્રીહિરેન પટેલ, શ્રી વી.સી.બોડાણા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેસાઈ, ચૂંટણી શાખાના શ્રી મહેશભાઈ પરમાર સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# દાહોદના નિવાસી અધિક કલેક્ટર શ્રી એમ.જે. દવેની તમામ સાવચેતીઓ સાથે આગામી તહેવારોની ઉજવણી કરવા અપીલ



કમલમ દૈનિક,

આગામી દિવાળી-નુતન વર્ષના તહેવારોને લઈને લોકોમાં ઉમંગ-ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. પણ તહેવારના ઉમંગમાં કોરોના મહામારીનું જોખમ વિસરાય નહી એ પણ એટલું જ જરૂરી છે. છેલ્લા અઠવાડિયામાં જયારે દાહોદમાં કોરોનાના નવા કેસોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે ત્યારે જિલ્લાના નિવાસી અધિક કલેકટર શ્રી એમ.જે. દવેએ નાગરિકોને આ સપરમા તહેવારોની ઉજવણી ખાસ સાવધાની સાથે કરવા જણાવ્યું છે. નિવાસી અધિક કલેકટર શ્રી દવે એ જણાવ્યું કે, દિવાળી સહિતના આગામી તહેવારોની સૌ નાગરિકોને શુભકામનાઓ. આ વખતની દિવાળી કોરોના મહામારીના વિશિષ્ટ સંજોગોમાં ઉજવાઈ રહી છે. કોરોના સંક્રમણનું જોખમ હજુ ટળ્યું ન હોય આ બાબતે પૂરતી કાળજી રાખવાની તાતી જરૂરીયાત છે. આ માટે સરકાર દ્વારા અવાર નવાર જે મૂળભૂત સૂચનાઓ આપવામાં આવે છે તેમનું ચુસ્ત પાલન કરવું ખૂબ જ જરૂરી છે. કોવીડ-૧૯ના સંજોગોમાં માસ્ક પહેરવું એ ખૂબ જ જરૂરી છે. એટલું જ જરૂરી છે તેને સરખી રીતે પહેરવું. ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું પણ એટલું જ મહત્વનું છે. કારણ કે ભીડવાળી જગ્યાએથી કોરોના સંક્રમણ લાગવાની મોટી શકયતાઓ હોય છે. આવા સંજોગોમાં અનિવાર્ય કારણોસર બહાર જવું પણ પડે તો સામાજિક અંતર જાળવી રાખવું, માસ્ક પહેરવું અને સાથે રાખેલા સેનિટાઈઝરનો પણ વારંવાર ઉપયોગ કરતા રહેવું જરૂરી છે. કોરોના સંક્રમણથી બચવા વારંવાર સાબુથી હાથ ધોતા રહેવું જોઈએ. તહેવારોમાં સગાવહાલાં-મિત્રો સાથે રૂબરૂ મેળાપ-મુલાકાત થાય તેવું આપણે ઈચ્છીએ છીએ. પણ અત્યારના વિશિષ્ટ સંજોગોને ધ્યાને રાખીને ફોન, વીડિયો કોલ વગેરેથી મળવાનો આનંદ મેળવી રૂબરૂ મળવાનું ટાળીએ ખૂબ જરૂરી છે. કોરોનાને ધ્યાનમાં રાખીને તમામ સાવચેતીઓ સાથે તહેવારોની ઉજવણી કરીએ એ કોરોના મહામારીના સમયની મહત્વની જરૂરીયાત છે.

# રાજકોટ આરોગ્યકર્મીઓની સમય સુચકતાથી મોટા દડવા ગામમાં કોરોનાના સંક્રમણ ફેલાતું અટક્યું

### કોરોના સંક્રમિત વ્યક્તિ ગામમાં આવે એ પહેલાં જ તેમને નિદાન માટે મોકલતા કોરોનાનું સંક્રમણ ફેલાતું અટક્યું



કમલમ દૈનિક,

રાજકોટ જિલ્લામાં કોરોના વાયરસની વૈશ્વિક મહામારીને નાથવા રાત-દિવસની મહેનત અને પ્રજાજનોના સહકારથી કોરોનાના નિયંત્રણ માટે કાળજીપૂર્વકની કામગીરી કરી રહયાં છે. તેવા સમયે મોટા દડવા ગામમાં કોરોનાના સંક્રમણને ફેલાતું અટકાવવામાં પ્રજા અને આરોગ્ય તંત્રના સંયુક્ત પ્રયાસોના પરિણામે બહારગામથી આવેલ કોરોના સંક્રમિત વ્યક્તિથી કોરોનાનું સંક્રમણ ફેલાતું અટકયું હતું. મોટા દડવા ગામના રહેવાસી પરેશભાઈ પરમારના સંબંધીઓ ઉત્તરપ્રદેશના મિર્ઝાપુરમાંથી તેમના વતન મોટા દડવા સહ પરિવાર આવવાના હતા. આ બાબતની જાણ પરેશભાઈએ મોટા દડવા ગામના સબસેન્ટરમાં ફરજ પરના ડો.જીગ્નેશને કરી. ડોકટર દ્વારા કોરોનાની પરિસ્થિતિની ગંભીરતાને સમજી પ્રથમ આ પરિવારના ત્રણ સભ્યોનું ટેલિફોનિક સ્ક્રીનિંગ કરતા જાણવા મળ્યું કે તેમનામાં કોરોનાના માઈનર લક્ષણ છે. જેને ધ્યાને લઈ તેમને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા દડવાના આરોગ્યકર્મીઓ દ્વારા તાલુકાની હોસ્પિટલમાં ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા, આ ત્રણ પૈકી બે લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તાલુકા હેલ્થ ઓફિસર ડો.રમેશ સોલંકી તથા આરોગ્યની ટીમ દ્વારા પોઝિટિવ દર્દીઓને રાજકોટ પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા. હાલ એ બે સંક્રમિત સભ્યો રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આમ, ગામમાં કોરોનાના સંક્રમિત વ્યક્તિ દાખલ થાય એ પહેલાં જ પ્રજા અને આરોગ્ય તંત્રના સુમેળ ભર્યા સંકલનથી તેનું સંક્રમણ અન્ય લોકોમાં ફેલાતું અટકી ગયું.

# દાહોદ કલેક્ટર શ્રી વિજય ખરાડી કુપોષિત બાળકોના ઘરે પહોંચ્યા !

કમલમ દૈનિક,

કોઈ મહાનુભાવો સાવ જ અચાનક તમારી ઘરે આવી ચઢે ને પૂછે કે કેમ છે ? તો તેમને જવાબ આપવાની સાથે તમને આનંદ અને આશ્ચર્ય થશે. આવું જ કંઈક બન્યું છે દાહોદ જિલ્લાના કેટલાક પરિવારો સાથે. દાહોદ જિલ્લામાંથી કુપોષણને નાબૂદ કરવા માટે ચાલતા અભિયાન અંતર્ગત કલેક્ટર શ્રી વિજય ખરાડી છાપરી અને બોરવાણી ગામમાં જઈ આંગણવાડીના કુપોષિત બાળકોના ઘરે અચાનક જ પહોંચી ગયા હતા. પછી જે બન્યું તે જાણીને તમને સહજ આનંદ થશે ! પહેલા આપણે જાણીએ સુપોષિત ગુજરાત અભિયાન વિશે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરણાથી દાહોદ જિલ્લામાંથી આરંભવામાં આવેલા આ અભિયાન અંતર્ગત બાળકોમાંથી કુપોષણ દૂર કરી તેમને તંદુરસ્ત બનાવવાની નેમ આ અભિયાનની છે. દાહોદ જિલ્લામાં બાળકોમાં કુપોષણનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. એ માટે આંગણવાડી કક્ષાએથી પોષણક્ષમ આહાર આપવાની કામગીરી ઉપરાંત બાલ સંજીવની કેન્દ્રો રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં અતિકુપોષિત બાળકોને પખવાડિયા સુધી રાખી સારવાર કરવામાં આવે છે. મહત્વાકાંક્ષી જિલ્લા તરીકે



દાહોદમાં પોષણના સૂચકાંકો ઉપર નીતિ આયોગ દ્વારા મોનિટરિંગ કરવામાં આવે છે. પોષક આહારનું વિતરણ કોઈ બાધ વિના લોકડાઉનમાં પણ શરૂ છે. હવે મૂળ વાત જાણીએ તો કલેક્ટરશ્રી વિજય ખરાડી કોઈને આગોતરી જાણ કર્યા વિના બોરવાણી અને છાપરી ગામની આંગણવાડી કેન્દ્રની મુલાકાતે પહોંચી ગયા હતા. આંગણવાડીમાં જઈ તેમણે સંચાલક દ્વારા નિભાવવામાં આવતા ૧૧ પ્રકારના રજિસ્ટરોની ચકાસણી કરી હતી. તેમના દ્વારા થતી કામગીરી અંગે પૃચ્છા કરી હતી. આટલું જ નહીં, શ્રી ખરાડીએ આંગણવાડીમાં રહેલા પુરવઠાની રજિસ્ટરો સાથે મેળવણી કરી ચકાસણી કરી હતી. તેમણે પોષણ વાટિકાની પણ મુલાકાત લીધી હતી. આટલું જ નહીં, મમતા કાર્ડ મુજબના સગર્ભા માતાના ઘરની પણ કલેક્ટરશ્રી દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. તેમને પૂરતા પ્રમાણમાં માતૃશક્તિના પેકેટ્સ, આયર્નની ગોળીઓ મળે છે કેમ ? તેવી વિગતો જાણી હતી. સગર્ભા મહિલાઓને આરોગ્યની તપાસ માટે ખીલખીલાટ સહિતની સેવા અંગે પણ પ્રતિભાવો મેળવવામાં આવ્યા હતા. કલેક્ટરશ્રીએ બન્ને આંગણવાડીમાં પોષણના સૂચકાંક એવા રેડ ઝોનમાં રહેલા બાળકોના ઘરની મુલાકાત કરી હતી. જેમાં બાળકોની તબિયત અંગે વિગતો જાણી હતી. બાળકોના વાલીઓ સાથે કરેલી ચર્ચામાં કુપોષણ અંગે એક વાત એવી ધ્યાને આવી કે, બાળકો ઝાડાની બિમારી રહેતી હોવાથી કુપોષણનું પ્રમાણ રહે છે. અહીં કલેક્ટરશ્રીએ વાલીઓને સુટેવો પાડવાની શીખ આપી હતી. જેમાં પાણી ઉકાળીને પીવા, સ્વચ્છ હાથોથી ભોજન લેવા અને આરોગ્યની નજીકના સરકારી દવાખાને નિયમિત તપાસણી કરાવવા જણાવ્યું હતું. આ ઉપરાંત, રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમના તબીબોને આવા બાળકોનું સમયાંતરે હેલ્થ સ્ક્રીનિંગ કરવા કલેક્ટરશ્રીએ કહ્યું હતું. આંગણવાડી કેન્દ્ર દ્વારા આપવામાં આવતા બાલશક્તિ આહારનું બાળકોને સેવન કરાવવા કલેક્ટરશ્રીએ વાલીઓને અનુરોધ કર્યો હતો. તદઉપરાંત, કલેક્ટરશ્રીએ આંગણવાડી કાર્યકરોને સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ હોય એવી જ વસ્તુઓથી બનતી વાનગીનો રસોઈ શો કરવા સૂચના આપી હતી. રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા પોષક આહારમાંથી બનાવી શકાતી વાનગી આંગણવાડી સંચાલકો દ્વારા રસોઈ શો થકી સ્થાનિક માતાઓને માર્ગદર્શન આપવામાં આવે છે. આ મુલાકાત વેળાએ જિલ્લા આયોજન અધિકારી શ્રી કિરણ ગેલાત, ડો. નિરજ તિવારી, સંશોધન અધિકારી શ્રી સંદીપ પટેલ તથા શ્રી જિતેન્દ્રસિંહ વીરપુરા સાથે જોડાયા હતા.

૯૫-૯૭ ટકા ક્ષતિગ્રસ્ત ફેફસા ધરાવતી કોરોનાગ્રસ્ત ગરીબ મહિલાને મોતના મુખમાંથી ઉગારી

## અમદાવાદ સિવિલના તબીબો કોરોનાકાળના સૌથી પડકારજનક કેસનો સુ:ખદ અંત લાવ્યાં

### અમદાવાદ સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોએ તેમના દ્રઢ સંકલ્પ, તબીબી જ્ઞાન અને માનવીય સંવેદનાની આગવી મિસાલ પ્રસ્થાપિત કરી






મૃત્યુ અને તબીબોની તજજ્ઞતા વચ્ચેના તુમૂલ સંગ્રામના અંતે તબીબોની ફરજ પ્રત્યેની કર્તવ્ય પરાયણતા જીતી.... મનિષાબહેન સાજા થઈને સ્વગૃહે પરત ફર્યા

કમલમ દૈનિક,

એક સામાન્ય માણસ જીવન બચાવનારા તબીબોને જીવન આપનારા ઈશ્વરની સમકક્ષ સ્થાન આપતો હોય છે. અમદાવાદ સિવિલના તબીબોએ તબીબી જગતના સૌથી પડકારજનક કહી શકાય એવા આ કિસ્સામાં એક ગરીબ ખેતમજૂર મહિલાને બચાવવા મૃત્યુ સામે તુમૂલ સંગ્રામ છેડ્યો હતો અને આ મહિલાને મોતના મુખમાંથી હેમખેમ ઉગારીને તબીબોએ સમાજમાં તેમના આ ઉચ્ચ ગરિમામય સ્થાનને શત પ્રતિશત સાર્થક કરી બતાવ્યું હતું, સાથે જ તેમના નોબેલ પ્રોફેશનની ગરિમાને તથા જનતાના સ્વાસ્થ્ય-સુશ્રુષા પ્રત્યેની અમદાવાદ સિવિલની પ્રતિબદ્ધતાને આગવી ઊંચાઈ પ્રદાન કરી હતી. આ સમગ્ર ઘટના એવી છે કે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના મનિષાબહેન ગામમાં ખેતમજૂરી કરી રહ્યા હતાં ત્યારે સ્વાસ્થ્યની તકલીફ સર્જાઈ... ઉધરસ, તાવ જેવા ચિહ્નો દેખાયા, થોડા સમય બાદ મોઢામાંથી લોહી નીકળવા લાગ્યુ. સ્વાભાવિક રીતે પરિવારજનો ચિંતિત બન્યા. ગામથી નજીક એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા ત્યારે તબીબોએ ધોળકાની મુખ્ય હોસ્પિટલમાં જવા કહ્યુ. મનિષાબહેનના પરિવારજનો તેમને લઈને ધોળકા હોસ્પિટલમાં પહોંચ્યા. ત્યાંના તબીબોએ કહ્યુ કે અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચો નહીંતર ૩ કલાક બાદ મનિષાબહેનને નહીં બચાવી શકાય !!! મનિષાબહેનના પરિવારજનો તેમને ઝડપભેર અમદાવાદ સિવિલની કોરોના ડેડિકેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં લઈ આવ્યા. ત્યાં રિપોર્ટ કરાવતા તેમને કોરોના પોઝિટિવ આવ્યો. તદુપરાંત એકસ-રેમાં જે દેખાયુ તે જોઈ તબીબો પણ આશ્ચર્યચકિત થઈ ગયા. ફેફસાની સ્થિતિના ઉંડાણપુર્વક અને સચોટ પરિણામ સુધી પહોંચવા મનિષાબહેનનો ઝ્રઁઇઝ્ર કરાવવામાં આવ્યો, તેમાં જે દેખાયુ તે સિવિલના તબીબો માટે કોરોનાકાળનો સૌથી પડકારજનક કિસ્સો હતો. મનિષાબહેનના ફેફસામાં ૯૫ થી ૯૭ ટકા સુધી નુકસાન પહોંચી ચુક્યુ હતુ..સી.ટી. સ્કોર પણ ૪૦/૪૦ આવ્યો હતો. તબીબોના અનુમાન પ્રમાણે આટલી ગંભીર સ્થિતિ વચ્ચે દર્દીનું બચવુ અત્યંત મુશ્કેલ બની રહે છે. મનિષાબહેનને ફેફસામાં થયેલા અત્યંત ગંભીર નુકસાનને તબીબી જગતમાં ફાઈબ્રોસીસ કહે છે. આ નુકસાનની સઘન અને સચોટ સારવાર કરવામાં ન આવે તો મનિષાબહેનનું મૃત્યુ થવાની સંભાવનાઓ રહેલી હતી. અમદાવાદ સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં છેલ્લા ૮ મહિનાથી કોરોના ડ્યુટી નિભાવતા આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. કાર્તિકેય પરમાર અને પ્રોફેસર અને વડા પલ્મોનરી મેડિસિન (ફેફસા સંબંધિત રોગ ના નિષ્ણાત) ડૉ. રાજેશ સોલંકી પણ મનિષાબેનનો રીપોર્ટ જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. અંતે આ બંને નિષ્ણાંત તબીબોએ મનિષાબેનને ત્વરિત સારવાર આપીને સ્વસ્થ કરવાનું બીંડુ ઉપાડ્યું અને પછી શરૂ થયો મૃત્યુ અને દર્દીને મૃત્યુથી બચાવનારા તબીબ વચ્ચેનો સંઘર્ષ!તબીબો મનિષાબેનને રેમડેસીવીર, ટોસીલીઝુમેબ , પેન્ટાગ્લોબિન જેવા અત્યંત મોંઘા ઈન્જેકશનની સારવાર સાથે ડેક્ઝોના જેવી સપોર્ટિવ સારવાર આપીને મોતના મુખમાંથી પાછા ખેંચી લાવ્યા. આ સારવારના કારણે તેમના મોઢામાંથી સતત વહેતુ લોહી અટક્યું અને ધીરે ધીરે મનિષાબહેનની સ્થિતિ સુધરવા લાગી. આખરે મૃત્યુ અને તબીબોની તજજ્ઞતા વચ્ચેના તુમુલ સંગ્રામના અંતે તબીબોની ફરજ પ્રત્યેની કર્તવ્ય પરાયણતા જીતી અને મનિષાબહેન સાજા થયા. મૃત્યુની કગારે આવી પહોંચેલી એક મહિલાને નવજીવન પ્રદાન કરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોએ તેમના દ્રઢ સંકલ્પ, તબીબી જ્ઞાન અને માનવીય સંવેદનાની આગવી મિસાલ પ્રસ્થાપિત કરી હતી. સિવિલ હોસ્પિટલના આસિસટન્ટ પ્રોફેસર અને ૧૨૦૦ બેડ કોવિડ હોસ્પિટલના નોડલ ડૉ.કાર્તિકેય પરમાર કહે છે કે મારા ૮ મહિનાની કોરોના ડ્યુટીમાં સૌથી પડકારજનક અને ચોકાંવનાર કિસ્સો જોવા મળ્યો હતો. મનિષાબેન કે જેઓની ઉમ્ર ફક્ત ૩૦ વર્ષ છે . ફેફસામાં ૯૫ થી ૯૭ ટકા નુકસાન પહોંચવુ તે આ ઉમરના દર્દીમાં ખૂબ જ રેર જોવા મળ્યુ છે. મનિષાબેન જયારે સિવિલ હોસ્પિટલ આવ્યા ત્યારે અતિગંભીર હાલતમાં હતા પરંતુ અમારા નિષ્ણાંત તબીબોની ટીમના સંકલન અને સઘન સારવાર ના કારણે મનીષાબેનને ફક્ત ૧૨ દિવસમાં જ અતિ ગંભીર સ્થિતિમાથી સંપૂર્ણ પણે સ્વસ્થ કરવામાં આવ્યા. મનિષાબેને સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફરતી વેળાએ કહ્યુ કે અમારા જેવા ગરીબ પરિવારને સરકારી હોસ્પિટલમાં મળેલી સઘન અને શ્રેષ્ઠ સારવાર મારા માટે આશીર્વાદ રૂપ બની છે. રાજય સરકાર દ્વારા વિના મુલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવતા અત્યંત મોંઘા તમામ ઈનેજકશનનો મારી સારવારમાં ઉપયોગ કરીને મને બચાવી લેવા માટે સંવેદનશીલ રાજય સરકારનો અમે આભાર માનીએ છીએ.



સઘન સારવાર, તબીબોની દરકાર અને સંવેદનશીલ સરકારના કારણે નવજીવન મળ્યું : મનિષાબહેન

### ફાઈબ્રોસીસ શું છે ?

ફેફસા ખૂબ જ સ્થિતિ સ્થાપક અને નરમ હોય છે. જે કારણોસર ફેફસા ઓક્સિજન અને કાર્બન ડાયોક્સાઈડનું વહન કરી શકે છે. કોરોનાગ્રસ્ત દર્દીમાં થ્રોમ્બો ઈન્ફલેમેશન (ફેફસામાં સોજો થવો અને લોહીના ગઠ્ઠા) જામી જવાના કારણે ફેફસા તેની સ્થિતિ સ્થાપકતાં ગુમાવીને કઠ્ઠણ બની જાય છે જેને મેડિકલ ભાષામાં ફાઈબ્રોસીસ કહેવામાં આવે છે. સામાન્ય રીતે ટીબીના દર્દીમાં ફેફસાના ઉપરના ભાગમાં જ્યારે ન્યુમોનિયામાં ફેફસાના નીચેનો ભાગ પથ્થર જેવો કડક થઈ જતો જોવા મળે છે પરંતુ કોરોનાગ્રસ્ત દર્દીના જ્યારે ફેફસાને નુકશાન પહોંચે ત્યારે તે ફેફસાના સમગ્ર ભાગમાં ફાઈબ્રોસીસ થતુ જોવા મળે છે. ફેફસાના ડાબી બાજુમાં ૨ અને જમણી બાજુમા ૩ એમ કૂલ મળીને પાંચ ખંડ આવેલા હોય છે. કોરોનાગ્રસ્ત દર્દીને પાંચેય ખંડમાં ફાઈબ્રોસિસ જોવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટની પીડીયુ મેડિકલ કોલેજના ફોરેન્સિક વિભાગને રાજ્યમાં સૌપ્રથમ કોરોના મૃતદેહોની ઓટોપ્સી કરવાની મંજૂરી મળી છે. જેમા તાજેતરમાં જોવા મળેલ કિસ્સા પ્રમાણે એક દર્દીના ફેફસાની ઓટોપ્સી કરવામાં આવતા તેના ફેફસામાં અત્યંત ગંભીર ફાઈબ્રોસીસ જોવા મળ્યુ હતું. તાજેતરમાં જ ભારત દેશના ચેન્નઈ શહેરમાં કોરોનાગ્રસ્ત દર્દીનું દેશનું પ્રથમ ફેફસાનું પ્રત્યારોપણ હાથ ધરવામાં આવ્યુ હતુ. કોરોનામાં ફેફસાને અતિગંભીર તકલીફ થતી હોવાના કારણે જ રાજ્ય સરકાર દ્વારા પણ ફેફસાનું પ્રત્યારોપણ કરવાની દિશામાં પ્રયત્નશીલ છે.

## દેવગઢ બારીયાના વધુ સાત ગામોમાં ૩૬૦.૮૫ લાખના ખર્ચે ૧૦.૫૮ કી.મી.ના પાકા રસ્તાઓની કામગીરીનો આરંભ







છેલ્લા બે દિવસમાં રાજયમંત્રી શ્રી બચુભાઈ ખાબડે દેવગઢ બારીયાના ૧૮ ગામોમાં રૂ. ૨૨.૨૪ કરોડના ખર્ચે ૪૮.૭૪ કી.મી.ના પાકા રસ્તાઓનું કર્યુ ખાતમુહૂર્ત

કમલમ દૈનિક, દાહોદ,

રાજયમંત્રી શ્રી બચુભાઈ ખાબડે દેવગઢ બારીયાના વધુ સાત ગામોમાં પાકા રસ્તાની કામગીરીનું ખાતમુહૂર્ત કરીને આરંભ કરાવ્યો છે. આ સાત ગામોમાં જંબુસર, સીંગેડી, સીંગોર, દુધીયા, મોટીમંગાઈ, સાગટાળા, આમલીપાણી છોત્રાનો સમાવેશ થાય છે. આ ગામોના કુલ ૧૦.૫૮ કી.મી.ના સાત રસ્તાઓ રૂ. ૩૬૦.૮૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવશે.

છેલ્લા બે દિવસમાં રાજયમંત્રી શ્રી બચુભાઈ ખાબડે દેવગઢ બારીયાના કુલ ૧૮ ગામોમાં રૂ. ૨૨૨૪.૭૫ લાખના ખર્ચે ૪૮.૭૪ કી.મી.ના પાકા રસ્તાઓનું ખાતમુહૂર્ત છે. આ પ્રસંગે રાજયમંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે, દેવગઢ બારીયાના વધુ સાત ગામોના પાકા રસ્તા માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે ત્યારે આ રસ્તાઓ ગામના વિકાસ માટેના નવા રસ્તા ખોલી આપશે. આ સાત ગામો પૈકી જંબુસર ગામમાં ૧.૨૦ કિ.મી. નો રસ્તો રૂ. ૫૦ લાખના ખર્ચે, સીંગેડીમાં ૧.૨૫ કી.મી.નો રસ્તો રૂ. ૬૦ લાખના ખર્ચે, સીંગોરમાં ૧.૬૫ કી.મી.નો રસ્તો રૂ. ૩૧.૩૫ લાખના ખર્ચે, દુધીયામાં ૧ કી.મી.નો રસ્તો રૂ. ૪૦ લાખના ખર્ચે, મોટીમંગોઈમાં ૧.૮૦ કી.મી.નો રસ્તો રૂ. ૮૦ લાખના ખર્ચે, સાગટાળામાં ૧.૨૦ કી.મી.નો રસ્તો રૂ. ૫૦ લાખના ખર્ચે, આમલીપાણી છોત્રામાં ૨.૪૮ કી.મી.નો રસ્તો રૂ. ૪૯.૫૦ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત છેલ્લા બે દિવસમાં રાજયમંત્રી શ્રી ખાબડે દેવગઢ બારીયાના છ ગામોમાં ૧૫૭૬.૫૦ લાખના ખર્ચે ૨૮.૩૮ કિ.મી.ના પાકા રસ્તાઓ અને ત્યાર બાદ પાંચ ગામોમાં ૨૮૭.૪૦ લાખના ખર્ચે ૯.૭૮ કિ.મી.ના પાકા રસ્તાઓની કામગીરીનું ખાતમુહૂર્ત કર્યુ છે. કાર્યક્રમમાં દેવગઢ બારીયાના પંચાયત પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી પ્રતિક સોની, ગામના સરપંચશ્રી, આંગેવાનો, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## વનબંધુઓ માટે વતન મુસાફરીની સુવિધામા ઉમેરો કરાયો

કમલમ દૈનિક, ભાવનગર,

દાહોદ, પંચમહાલ સહિત ના જીલ્લાઓ માંથી આદિવાસી ભાઈઓ વિવિધ વ્યવસાય અર્થે સૌરાષ્ટ્ર માં મોટી સંખ્યામાં આવતા હોય છે તેમ જ કારખાનાઓમાં નોકરી કરતા નોકારીયાત કે સરકારી કર્મચારીઓ પણ પોતાના વતન માં અવાર-નવાર આવતા જતા હોય છે. સાથેસાથે નવરાત્રી, દિવાળી, ઉતરાયણ, હોળી વગેરે જેવા તહેવારોમાં આદિવાસીભાઈઓએ પોતાના વતન માં જવાનુ થતુ હોય છે. આથી તેઓને પોતાના વતન મા આવવા જવા માટે કોઈ મુશ્કેલી નો પડે તે હેતુથી ભાવનગરડી વીજન ઓફિસર શ્રીટી.એમ.પટેલ અને ગારીયા ધારડેપોમેનેજરશ્રીએસ.પી.વસવા નાસહયોગ થી ગારીયા ધાર થી દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકા સુધી એસ.ટી. બસ સેવા તા.૫/ ૧૧/૨૨૦થી શરૂકરવા માં આવેલ છે. આ અંગે ભાવનગરડી વીજન ઓફિસર શ્રીટી.એમ.પટેલે જણાવ્યુ હતુકે આજિલ્લા ના આવા અંતરિયાળ વિસ્તાર નાગામડાઓના ખેત મજુરોને લાભ મળે અને ગામડાઓમાં આવતા આદિવાસીભાઈઓને સારી સસ્તી સુવિધાઓ સલામતી નો લાભ મળે તેમ જ દાહોદ જીલ્લાના મુસાફરો ને મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે હેતુથી બસ શરૂ કરવામાં આવેલ છે. આ બસ૧૯:૦૦ કલાકે ગારીયા ધાર થી ઉપડી પાલીતાણા, સોનગઢ, સિહોર, ભાવનગર, વડોદરા, હાલોલ, પાવાગઢ, ધોધાંબા, રીછવાણી, બારિયા થઈ ધાનપુર સવારે ૪:૦૦ કલાકે પહોંચશે. દાહોદજીલ્લામાંથી આવતા આદિવાસીભાઈઓ અને અન્ય મુસાફરોને નવી શરૂકરાયેલ આએસ.ટી. બસસેવા નો લાભ લેવા જણાવવામાં આવ્યુ છે.



## રામ વિજય નગર ખાતે મારૂતિ વન બોટનિકલ ગાર્ડન સંસદ સભ્ય શારદાબેન પટેલ દ્વારા ખુલ્લુ મુકાયું

### રામ વિજયનગરના યુવાનો દ્વારા અનોખુ બોટનિકલ ગાર્ડનનું નિર્માણ



કમલમ દૈનિક, મહેસાણા

મહેસાણા તાલુકાનું રામવિજયનગર ગામમાં છેલ્લા ચાર વર્ષથી ગામના યુવાનો દ્વારા પર્યાવરણ જાળવણી હેતુ ઘણા બધા વૃક્ષો દરેક વર્ષે વાવવામાં આવે છે. ગામના યુવાનો દ્વારા વડીલોના માર્ગદર્શન હેઠળ મારુતિવન બોટનિકલ ગાર્ડનનું નિર્માણ કરાયું છે. જેનું સંચાલન સહિતની તમામ જવાબદારી ગામના યુવાનો (બાળ હનુમાન ચાલીસા મંડળ) દ્વારા કરવામાં આવે છે. મારૂતિ બોટનિકલ વનમાં લગભગ ૧૦,૦૦૦ વૃક્ષોનું વાવેતર મારુતિવન તેમજ ગામના અન્ય સ્થળોએ કરવામાં આવ્યું છે. જેમાં ઈમારતી, ઔષધીય, ફૂલછોડ જેવા રોપાઓનું વાવેતર એમાં પણ ખાસ કરીને રુદ્રાક્ષ, અંજીર, કાજુ, અરીઠા, હરડે, બદામ, સતાવરી, રામફળ, સીતાફળ, લક્ષમણફળ, હનુમાનફળ, સોપારી, કદમ, કેસુડો, રુખડો, શીમળો, બીલી, પીપળો, વડ, રાયણ, લીમડો, નાળીયેર, વાંસ, ગુલમહોર, ગરમાળો, કપૂર, ઉમરો, સીસમ, સિંદુર, પારીજાત, અરડુસી, તુલસી, ડમરો, શિવજટા, શીવલિંગી, સીતાઅશોક, બોરસલ્લી, રબર, પામ, ફણસ, ફાલસા, સેવન, કમરખ, બીજોરું, કરેણ, જાંબુ, જામફળ, બકાન લીમડો, એના સિવાય પણ અસંખ્ય નાના ફૂલછોડ તેમજ અન્ય વનસ્પતિઓ ગામની અંદર વાવેલ છે. ગામના યુવાનોએ લોકડાઉનનો સદુપયોગ કરીને ઉત્તરગુજરાતનું સર્વપ્રથમ બોટનિકલ ગાર્ડન માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની પ્રેરણાથી બનાવેલ છે તેમ યુવાનો દ્વારા જણાવાયું હતું ગામના યુવાનોને વડીલોની પ્રેરણા અને કે. કે પટેલ ,કે.વી પટેલ અગ્રણીઓના સહયોગથી આ અનોખુ કામ કર્યું છે. ગામના દરેક પરિવારે એક પવિત્ર મને સાથ આ કામ પુરૂ કર્યું છે. યુવાનોની આખી ટીમ ,પ્રકૃતિપ્રેમીઓનો , સર્વે પ્રકૃતિ અને મારુતિ વન બોટાનિકલ ગાર્ડનના વિકાસ હેતુ અગ્રીમ તમામ વિકસિત પગલાં લેશે એવો વિશ્વાસ કાર્યક્મમાં વ્યક્ત કરાયો હતો.. બોટનિકલ ગાર્ડનના ખુલ્લા મુકવાના પ્રસંગે મહેસાણાનાસાંસદ સભ્યશ્રી શારદાબેન પટેલ, , ધારાસભ્યશ્રી ભરતજી ઠાકોર,જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય.દક્ષિણી, નાયબ વન સંરક્ષકશ્રી, ટી.ડી.ઓ મહેસાણા,નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી પુલકીત જોષી સહિત અધિકારીઓ,પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ઐતિહાસિક વારસો ધરાવતા વડનગરની રાજયના મુખ્ય સચિવઅનીલ મુકીમે મુલાકાત લીધી

કમલમ દૈનિક, મહેસાણા

વડનગર ઐતિહાસિક અને પુરાતત્વ વારસો ધરાવે છે. ઐતિહાસિક ધરોહર સાથે દેશના પ્રધાનમંત્રીશ્રી નું વતન પણ વડનગર છે. વડનગરમાં પુરાતત્વ ખાતાને ખોદકામ દરમિયાન બૌધ્ધ સમયના અનેક અવશેષો મળી આવેલ છે. વડનગર નો ભવ્ય પૌરાણિક અને ઐતિહાસિક વારસો લોકો સુધી પહોંચે તે જરૂરી છે. વડનગર માં સરકાર દ્વારા પણ આ માટે અનેક વિધવિકાસ ના કામો થઈ રહ્યા છે જે કામોના નિરીક્ષણ અને જાત માહિતી માટે મુખ્ય સચિવે વડનગરની મુલાકાત કરી હતી. મહેસાણા જિલ્લા ના વડનગર ખાતે રાજયના મુખ્ય સચિવ અનીલ મુકીમે મુલાકાત લીધી હતી. રાજયના મુખ્ય સચિવ સાથે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના અધિક મુખ્ય સચિવ સી.વી. સોમ ,પ્રવાસન વિભાગ ના સચિવ મમતા વર્મા .આર્કિયોલોજી ઓફ ઈન્ડિયા ના ડી.જી., જિલ્લા કલેકટર એચ.કે. પટેલ અને વડનગર વિકાસ સમિતિ નાસોમાભાઈ મોદી જોડાયા હતા રાજયના મુખ્ય સચિવ સહિત સચિવશ્રીઓ અને મહાનુંભાવો દ્વારા ઐતિહાસિક નગરી વડનગરમાં તૈયાર થનાર વિશ્વ કક્ષાના મ્યુઝિયમ સાઈટની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત દેશના પ્રધાનમંત્રીશ્રીએ અભ્યાસ કરેલ કુમાર શાળાની મુલાકા લીધી હતી જે શાળાને મેમોરીયલ બનાવવા બાબતે પણ જરૂરી સુચનો કરાયા હતા. વડનગરની પત્થર હવેલીની મુલાકાત કરી જરૂરી સુચનો અને જાત માહિતી મેળવી હતી. આ ઉપરાંત પુરાતત્વ વિભાગ દ્વારા ચાલતા વિવિધ પ્રોજેક્ટો અને સ્થળોની મુલાકાત કરી જાત માહિતી મેળવી જરૂરી સુચનો કર્યા હતા





# ધોરાજી તાલુકાના ભૂતવડ ગામે પશુ ઉછેર કેન્દ્ર અને એફ. એસ. એસ સેન્ટરની મુલાકાત લેતા મંત્રી પશુપાલન મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

કમલમ દૈનિક,

પશુપાલન વિભાગના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ધોરાજી તાલુકાના ભુતવડ ગામે આવેલા પશુપાલન ખાતાના પશુ ઉછેર કેન્દ્ર અને ફાર્મ તેમજ નવા બનેલા એફ.એસ.એસ સેન્ટરની મુલાકાત લીધી હતી.ભૂતવડ ગામે પશુ ઉછેર કેન્દ્રમાં ગીર ગાયના સારી ઓલાદના વાછરડાનો ઉછેર કરવામાં આવે છે અને ગ્રામ પંચાયતો તેમજ સંસ્થાઓને આપવામાં આવે છે. હાલ સંસ્થામાં ૨૦૦થી વધુ પશુઓ છે. મંત્રીશ્રીએ ગૌશાળાની પણ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત આ પરિસરમાં એફ.એસ.એસ સેન્ટર પણ બનાવવામાં આવ્યું છે.મંત્રીશ્રી બાવળીયાએ નવા બનેલા ભવનો, લેબોરેટરી ભવન તેમજ આ કલેક્શન સેન્ટર ની પણ મુલાકાત લીધી હતી. પશુ ઉછેર કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધા અને ચાલી રહેલી કામગીરી અંગે મદદનીશ નિયામક ડો.મણવરે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે મામલતદાર,તાલુકા વિકાસ અધિકારી તેમજ ગામના આગેવાન અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

## મુખ્તાર અબ્બાસ નકવીએ હજ ૨૦૨૧ માટેની માર્ગદર્શિકાઓ જાહેર કરી

# રોગચાળાની સ્થિતિને કારણે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરના નીતિ-નિયમોની માર્ગદર્શિકાનો અમલ થશે અને હજ ૨૦૨૧ દરમિયાન એનું કડકપણે પાલન થશે: મુખ્તાર અબ્બાસ નકવી




કમલમ દૈનિક,

કેન્દ્રીય લઘુમતી સમુદાય મંત્રી શ્રી મુખ્તાર અબ્બાસ નકવીએ કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને મહત્ત્વપૂર્ણ પરિવર્તનો સાથે હજ ૨૦૨૧ની જાહેરાત કરતા આજથી હજ ૨૦૨૧ માટે ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. શ્રી નકવીએ આજે મુંબઈમાં હજ હાઉસમાં હજ ૨૦૨૧ની જાહેરાત કરતાં કહ્યું હતું કે, કોરોના રોગચાળાને કારણે હજ ૨૦૨૧ દરમિયાન રાષ્ટ્રીય સ્તરની અને આંતરરાષ્ટ્રીય સ્તરની સલામતી માટેનાં નીતિ-નિયમોની આચારસંહિતા કે માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવશે. હજ ૨૦૨૧ માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૧૦ ડિસેમ્બર, ૨૦૨૧ છે. હજ પઢવાની ઈચ્છા ધરાવતા લોકો ઓનલાઈન, ઓફલાઈન અને હજ મોબાઈલ એપ દ્વારા અરજી કરી શકે છે. શ્રી નકવીએ કહ્યું હતું કે, હજ ૨૦૨૧નો કાર્યક્રમ જૂન, જુલાઈ ૨૦૨૧ માટે છે અને હજની સંપૂર્ણ પ્રક્રિયાનો અમલ સાઉદી અરેબિયાની સરકાર અને ભારત સરકારે કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને ભારત અને સાઉદી અરબના લોકોના સ્વાસ્થ્ય અને સુખાકારીને સુનિશ્ચિત કરવા માટે જાહેર કરેલી જરૂરી માર્ગદર્શિકાઓ મુજબ થઈ રહ્યો છે. હજ ૨૦૨૧ની પ્રક્રિયા લઘુમતી સમુદાય મંત્રાલય, વિદેશ મંત્રાલય, નાગરિક ઉડ્ડયન મંત્રાલય, ભારતીય હજ સમિતિ, સાઉદી અરેબિયામાં ભારતીય રાજદૂતની કચેરી અને જેદાહમાં ભારતના કાઉન્સેલ જનરલ તથા અન્ય સંસ્થાઓ વચ્ચે ચર્ચાવિચારણા પછી બનાવવામાં આવી છે, જેમાં રોગચાળાના પડકારોના તમામ પાસાંઓને ધ્યાનમાં લેવામાં આવ્યાં છે. શ્રી નકવીએ કહ્યું હતું કે, હજ ૨૦૨૧ માટેની વ્યવસ્થાઓ વિશેષ નીતિ, નિયમો અને નિયમનો, લાયકાતના માપદંડો, વયમર્યાદાના નિયંત્રણો, સ્વાસ્થ્ય અને ફિટનેસની જરૂરિયાતો તથા કોરોના રોગચાળા વચ્ચે સાઉદી અરેબિયાની સરકારે જાહેર કરેલી અન્ય પ્રસ્તુત શરતો સાથે કરવામાં આવી છે. શ્રી નકવીએ કહ્યું હતું કે, રોગચાળાને ધ્યાનમાં રાખીને મહત્ત્વપૂર્ણ પરિવર્તનો સાથે હજયાત્રાની સંપૂર્ણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. એમાં ભારત અને સાઉદી અરેબિયા એમ બંનેમાં રહેવા માટેની વ્યવસ્થા, યાત્રાના રોકાણનો ગાળો, પરિવહન, સ્વાસ્થ્ય અને અન્ય સુવિધાઓ સામેલ છે. શ્રી નકવીએ ઉમેર્યું હતું કે, સાઉદી અરેબિયાની સરકાર દ્વારા રોગચાળાની સ્થિતિ વચ્ચે હજ ૨૦૨૧ માટે જરૂરી તમામ માર્ગદર્શિકાઓનું કડકપણે પાલન થશે. કોરોના રોગચાળાને કારણે હજયાત્રા કરવા માટે વયમર્યાદાના માપદંડમાં ફેરફારો થઈ શકે છે. દરેક હાજી (યાત્રાળુ)એ હજયાત્રા માટેની સફર શરૂ થાય એના ૭૨ કલાક અગાઉ આંતરરાષ્ટ્રીય હવાઈ પ્રવાસની આચારસંહિતા મુજબ કોરોના પરીક્ષણ કરાવવાની જરૂર પડશે. દરેક હાજીએ સાઉદી અરેબિયાની સફર શરૂ થાય એ અગાઉ નેગેટિવ પરિણામ સાથે માન્યતાપ્રાપ્ત પ્રયોગશાળાએ ઈશ્યૂ કરેલ પીસીઆર ટેસ્ટ સર્ટિફિકેટ રજૂ કરવું પડશે. શ્રી નકવીએ કહ્યું હતું કે, રોગચાળાની સ્થિતિ તથા એર ઈન્ડિયા અને અન્ય સંસ્થાઓ પાસેથી પ્રાપ્ત પ્રતિભાવને ધ્યાનમાં રાખીને હજ ૨૦૨૧ માટે સફર શરૂ કરવાના સ્થાન ઘટાડીને ૧૦ કરવામાં આવ્યાં છે. અગાઉ દેશભરમાંથી ૨૧ સ્થાન પરથી હજયાત્રા શરૂ થતી હતી. હજ ૨૦૨૧ માટે ૧૦ સ્થાન છે – અમદાવાદ, બેંગાલુરુ, કોચિન, દિલ્હી, ગુવાહાટી, હૈદરાબાદ, કોલકાતા, લખનઉ, મુંબઈ અને શ્રીનગર. અમદાવાદ પોઈન્ટ સમગ્ર ગુજરાતને આવરી લેશે. બેંગાલુરુ સંપૂર્ણ કર્ણાટકને આવરી લેશે. કોચિન પોઈન્ટ (કેરળ, લક્ષદ્વીપ, પુડુચેરી, તમિલનાડુ, આંદમાન અને નિકોબાર), દિલ્હી પોઈન્ટ (દિલ્હી, પંજાબ, હરિયાણા, હિમાચલપ્રદેશ, ચંદીગઢ, ઉત્તરાખંડ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશના પશ્ચિમી જિલ્લાઓ), ગુવાહાટી પોઈન્ટ (અસમ, મેઘાલય, મણિપુર, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, નાગાલેન્ડ), કોલકાતા પોઈન્ટ (પશ્ચિમ બંગાળ, ઓડિશા, ત્રિપુરા, ઝારખંડ, બિહાર), લખનઉ પોઈન્ટ (ઉત્તરપ્રદેશના પશ્ચિમી જિલ્લાઓને બાદ કરતા તમામ વિસ્તારો), મુંબઈ (મહારાષ્ટ્ર, ગોવા, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, દમણ અને દીવ, દાદર અને નગરહવેલી) અને શ્રીનગર પોઈન્ટ સંપૂર્ણ જમ્મુ-કાશ્મીર, લેહ-લદાખ-કારગિલને આવરી લેશે. હજ ૨૦૨૧ માટે "મેહરમ" (પુરુષ સાથીદાર) વિના મહિલાઓ દ્વારા હજ ૨૦૨૦ માટે ફાઈલ કરેલી અરજીઓ માન્ય છે. ઉપરાંત "મેહરમ" વિના હજ ૨૦૨૧ કરવા ઈચ્છતી મહિલાઓના નવા ફોર્મ પણ સ્વીકારવામાં આવે છે. "મેહરમ વિનાની" કેટેગરી અંતર્ગત તમામ મહિલાઓને લોટરી સિસ્ટમમાંથી મુક્તિ આપવામાં આવશે. આ પ્રસંગે મુંબઈમાં સાઉદી અરેબિયાના રોયલ વાઈસ કોન્સલ જનરલ મોહમ્મદ અબ્દુલ કરીમ અલ-ઈનાઝી, કેન્દ્રીય લઘુમતી મંત્રાલયોના વરિષ્ઠ અધિકારીઓ, ભારતીય હજ સમિતિના સીઈઓ શ્રી એમ એ ખાન તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત હતા.

# ઉપલેટા તાલુકાના ગામોને પીવાના પાણીની પૂરતી સુવિધા માટે રૂ. ૫૦ કરોડના ખર્ચે શરૂ થયેલા નવા કામો ઝડપથી પૂર્ણ કરાશે: પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

## ઉપલેટા તાલુકાના ગામોને પૂરતા ફોર્સથી પાણી મળશે: વેણુ- ૨ ડેમ ખાતે તૈયાર થઈ રહેલા ૪૦ લાખ લીટરની ક્ષમતાના સમ્પનું નિરીક્ષણ કરતા મંત્રીશ્રી





કમલમ દૈનિક,

પાણી પુરવઠા અને પશુપાલન વિભાગના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં ૩૧ ગામોને પીવાના પાણીની પૂરતી સુવિધા ઉપલબ્ધ થાય તે માટે પાઈપ લાઈન નાખવાના અને નવા સમ્પ બનાવવાના વિકાસકામોનું ઈજનેરોની સાથે નિરીક્ષણ કર્યું હતું.મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા એ ઉપલેટા તાલુકાના મેરવદર ગામ પાસે પાણી પુરવઠા બોર્ડ દ્વારા ચાલતા નર્મદા ડી નેટવર્ક ઉપલેટા તાલુકા પાણી જૂથ યોજનાના નવા કામનું નિરીક્ષણ કર્યું હતું. રૂ. ૧૪.૯૦ કરોડના ખર્ચે આ કામ ચાલી રહ્યું છે. વેણુ -૨ ભાગ૧ સુધારણા પાણી પુરવઠા યોજના અંતર્ગત રૂ. ૨૦ કરોડના ખર્ચે કામો શરૂ થયા છે જે અંતર્ગત ૨૨ ગામોને પાણી ની સુવિધા મળશે. વેણુ ડેમ ભાગ-૨ સુધારણા યોજના અંતર્ગત રૂ.૧૩ કરોડના ખર્ચે કામગીરી ચાલી રહી છે. નેશનલ હાઈવે ડી નેટવર્ક આ યોજના અંતર્ગત બીજા નવ ગામોને પીવાના પાણીની પૂરતી સુવિધા ઉપલબ્ધ થશે. આમ કુલ ૩૧ ગામો માટે આ વિકાસ કામો ચાલી રહ્યા છે.આ ઉપરાંત વેણુ ડેમ સાઈટ નજીક ૪૦ લાખ લિટર પાણીની ક્ષમતાનો એક નવો સંપ બનાવવામાં આવી રહ્યો છે. આ સુવિધા ઉપલબ્ધ થતાં પૂરતા ફોર્સથી પાણી મળશે.મંત્રીશ્રીએ ત્રણેય વિકાસકાર્યોનું નિરીક્ષણ કર્યું હતું અને ડેમ સાઈટ પર સંપના સ્થળે પાણીની ગુણવત્તા અને અન્ય સુવિધા અંગે પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓને જરૂરી સુચનો કર્યા હતા. ઉપલેટા તાલુકામાં પીવાના પાણીની સુવિધાના કામો વહેલાસર પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાત વેળાએ પાણી પુરવઠા બોર્ડના મુખ્ય ઈજનેરશ્રીએલ.જે.ફુફલ, કાર્યપાલક ઈજનેર શ્રી એચ.ડી.જોધાણી, તેમજ મામલતદાર અને અન્ય સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાએ હજીરા ટર્મિનલની મુલાકાત લઈ રો-પેક્સ ફેરી સર્વિસ લોકાર્પણની તૈયારીઓની સમીક્ષા કરી

## રો-પેક્સ સેવાથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનો ભૌગોલિક, સામાજિક અને વ્યાપારિક સંબંધ વધુ ગાઢ બનશે: શિપિંગ મંત્રી મનસુખભાઈ માંડવિયા




કમલમ દૈનિક, સુરત

કેન્દ્રીય શિપિંગ, કેમિકલ અને ફર્ટીલાઈઝર રાજ્યમંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાએ હજીરા અદાણી પોર્ટ ટર્મિનલની મુલાકાત લઈ રો-પેકસ ફેરી સર્વિસના લોકાર્પણની તૈયારીઓની સમીક્ષા કરી હતી. તેમણે 'સિમ્ફની વોયેજ' વેસલની જાતમુલાકાત લઈ ઉપલબ્ધ સુવિધાઓ અને કામગીરી નિહાળી હતી, લોકાર્પણની પૂર્વસંધ્યાએ શિપને અદભૂત રંગબેરંગી લાઈટીંગથી સજાવવામાં આવ્યું હતું. તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. જેમાં તેમણે જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીશ્રીએ મીડિયાકર્મીઓ સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે, રો-પેક્સ સેવા શરૂ થવાથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનો ભૌગોલિક, સામાજિક અને વ્યાપારિક સંબંધ વધુ ગાઢ બનશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા.૦૮મીએ હજીરાથી ભાવનગરના ઘોઘા વચ્ચે રો-પેક્સ ફેરી સેવાનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરશે, ત્યારે આ સુવિધાથી સુરતમાં વસતા લાખો સૌરાષ્ટ્રવાસીઓને જળમાર્ગે વતન સુધી જવા માટે ઓછો સમય લેતી અને સસ્તી આવાગમન સેવાનો નવો વિકલ્પ મળશે. ઘોઘા-હજીરા વચ્ચેનું માર્ગ અંતર લગભગ ૩૭૦ કિમી છે, જે ઘટીને સમુદ્ર રસ્તે માત્ર ૯૦ કિમી જેટલું થઈ જશે. સામાન્ય રીતે જમીન માર્ગે ૧૦-૧૨ કલાક લેતી હજીરા-ઘોઘા માર્ગ મુસાફરી રો-પેક્સથી ચાર કલાકમાં પૂરી કરી શકાશે. આ સુવિધા થકી રોડ પરનું ભારણ ઘટશે, ટ્રાફિક સમસ્યા હળવી બનશે, અકસ્માતોની સંખ્યા ઘટશે, મુસાફરી સસ્તી થશે અને ઈંધણની મોટી બચત થવાથી પર્યાવરણની જાળવણી થશે એમ તેમણે ઉમેર્યું હતું. શ્રી માંડવીયાએ જણાવ્યું કે, નવા કૃષિ કાયદામાં ખેડૂતોને દેશનું મુક્ત બજાર મળે તેની જોગવાઈ કરાઈ છે, ત્યારે સુરતના બજારમાં સૌરાષ્ટ્રનો કોઈ પણ ખેડૂત પોતાના ખેત ઉત્પાદનો માલવાહક વાહનોમાં ભરી રો-પેક્સ દ્વારા ઓછા સમયમાં પહોંચી શકશે અને સુરતની એ.પી.એમ.સી. અથવા મુક્ત બજારમાં વેચી શકશે. સુરતમાં વસતા ૨૦ લાખ સૌરાષ્ટ્રવાસીઓને વાર-તહેવારે, શુભ પ્રસંગો અને ખેતીવાડીના કામસર વર્ષ દરમિયાન અવારનવાર વતન જવાનું થતું હોય છે, જેઓને દિવાળીની ભેટ સમાન આ આવાગમન સુવિધાથી ખુબ ફાયદો થશે. મંત્રીશ્રી સાથે ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, ઈ.કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે.કોયા, નિવાસી અધિક કલેકટરશ્રી એસ.ડી.વસાવા સહિત હજીરા પોર્ટ ટર્મિનલ, અદાણી પોર્ટ લિ., હજીરા તેમજ દીનદયાળ પોર્ટના અધિકારીઓ જોડાયાં હતાં.

## ધિરાણમાં ૧૩.૫૮ ટકાના વધારા સાથે બનાવાઈ નવી યોજના

# નાબાર્ડ દ્વારા નર્મદા જિલ્લા માટે તૈયાર કરાયેલ રૂા.૯૧,૦૮૪ લાખના પોટેન્શિયલ ક્રેડિટ પ્લાનનું જિલ્લા કલેક્ટરશ્રી ડી. એ. શાહના હસ્તે કરાયેલું વિમોચન

## ખેતી માટે રૂા.૪૦,૨૪૫ લાખ અને ટર્મ લોન રૂા. ૧૬,૫૭૮ લાખ તથા લઘુ-મધ્યમ ઉદ્યોગો માટે રૂા.૭,૧૨૧ લાખની કરાઈ જોગવાઈ



કમલમ દૈનિક, રાજપીપલા,

નાબાર્ડ દ્વારા કોરોનાના કારણે બજારમાં ઉભી થયેલી નાણાકીય ક્રાયસીશ અને ધિરાણની અછતને ધ્યાને રાખીને રૂ.૯૧,૦૮૪ લાખના તૈયાર કરાયેલ પોટેન્શિયલ ક્રેડિટ પ્લાનનું જિલ્લા કલેક્ટરશ્રી ડી. એ. શાહના હસ્તે આજે રાજપીપલા કલેક્ટરાલય ખાતે વિમોચન કરાયું હતું, જેમાં કૃષિ માટે રૂ.૪૦,૨૪૫ લાખ અને ટર્મ લોન માટે રૂ.૧૬,૫૭૮ લાખ તથા લઘુ-મધ્યમ ઉદ્યોગો માટે રૂ. ૭,૧૨૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખેતીવાડી ક્ષેત્રનાં ધિરાણો અને નાના તેમજ મધ્યમ કદના ઉદ્યોગો માટે ધિરાણમાં ૧૩.૫૮ ટકાના વધારા સાથે નાબાર્ડ દ્વારા આ પોટેન્શિયલ ક્રેડિટ પ્લાન જાહેર કરાયો છે.નાબાર્ડના જીલા વિકાસ પ્રબંધક શ્રી અનંત વર્દમે જણાવ્યું હતું કે, નાબાર્ડ દ્વારા સ્થાનિક જરૂરિયાતોને ધ્યાન રાખીને પોટેન્શિયલ ક્રેડિટ પ્લાન બનાવાતો હોય છે, બેંક્રોને ધિરાણ માટે નાણાંની કમી ન રહે તે માટે આગોતરૂ આયોજન કરવામાં આવતું હોય છે. પ્રાયોરીટી સેક્ટર એટલે કે ખેતીવાડી અને લઘુ તેમજ મધ્યમ કદના ઉદ્યોગોને નાણાં ધિરાણ માટે બેંક્રોને નાબાર્ડ તરફથી ક્રેડીટ ફાળવીએ છીએ. નાબાર્ડ દ્વારા ચાલુ વર્ષના ક્રેડિટ પ્લાનમાં ૧૩.૫૮ ટકાનો વધારો કરાયો છે. નાબાર્ડના જિલ્લા વિકાસ પ્રબંધક શ્રી અનંત વર્દમ લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજરશ્રી શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ અને નાણાંકીય સલાહકારશ્રી પ્રતાપભાઈ બારોટની ઉપસ્થિતિમાં ગઈકાલે ઉક્ત પોટેન્શિયલ ક્રેડિટ પ્લાનનાં યોજાયેલા વિમોચન પ્રસંગે શ્રી વર્દમે જણાવ્યું હતું કે સને ૨૦૨૧-૨૨ ના વર્ષનો નાબાર્ડનો પ્લાન જાહેર કરાયો છે. આગામી દિવસોમાં અમારી અન્ય યોજનાઓ પણ જાહેર કરવામાં આવનાર છે. જેમાં અમારૂ લક્ષ્ય પ્રાયોરીટી સેક્ટરનું રહેશે, તેમ શ્રી વર્દમે ઉમેર્યુ હતું.

# ખજોદ ખાતે નિર્માણાધીન સુરત ડાયમંડ બુર્સની મુલાકાત લેતાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા





કમલમ દૈનિક, સુરત,

ખજોદ ખાતે આકાર લઈ રહેલા રાજયના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'સુરત ડાયમંડ બુર્સ'ની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ અહીં બુર્સની કોર કમિટીના સભ્યો-હોદ્દેદારો, ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ અને હીરા વ્યવસાયીઓ સાથે બેઠક યોજી આ પ્રોજેક્ટની પ્રગતિની વિગતો મેળવી હતી, સાથે તેમણે અહીં થઈ રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કન્સ્ટ્રકશન વર્કની કામગીરી નિહાળી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, સુરતનું ડાયમંડ બુર્સ ભવિષ્યમાં વિશ્વનું સૌથી વિશાળ કોર્પોરેટ ઓફિસ હબ બનશે. જ્યાં દેશવિદેશના ડાયમંડ વેપારીઓને એક નવું વ્યાપાર કેન્દ્ર મળશે. આ સ્થળે હીરાના વ્યાપારીઓ તથા અન્ય નાગરિકો માટે નિવાસની સુવિધા, શાળા, હોસ્પિટલ અને હોટેલનું પણ નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત મેટ્રો અને બી.આર.ટી.એસ.ને પણ પ્રોજેક્ટ સાથે જોડવાની દિશામાં આગળ વધી રહ્યાં છીએ. શ્રી માંડવિયાએ કહ્યું કે, ડાયમંડબુર્સના નિર્માણ બાદ સુરતમાં હીરાનું મોટા પાયે ખરીદવેચાણ થશે. સુરત સાચા અર્થમાં રાજયના વિકાસનું ગ્રોથ એન્જિન બનશે. જેનો સીધો લાભ રાજ્ય અને દેશના અર્થતંત્રને થવાની સાથે હજારો લોકોને રોજગારીના અવસરો મળશે. તેમણે 'સુરત ડાયમંડ બુર્સ' સંબંધિત પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું. બેઠકમાં મ્યુ.કમિશનર બંછાનિધિ પાની, પદ્મશ્રી મથુરભાઈ સવાણી, દ.ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી દિનેશભાઈ નાવડિયા, અગ્રણી શ્રી લાલજીભાઈ પટેલ સહિત બુર્સની કોર કમિટીના મેમ્બર્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028